

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*પત્રકારની કલમ કપાઈ જાય છે આ દેશમાં,*
*અને મુક્ત - અભિવ્યક્તિ વિંધાઈ જાય છે આ દેશમાં*
*સંતાઈ જાય સુરક્ષા નિવેદનમાં બૂરખા ઓઢી*
*દંભ દેખાડે સત્તા સચવાઈ જાય છે આ દેશમાં*

હાઈકુ

*પોઢયા છે બાપુ!*
*ખલેલ કરશો ના -*
*યોગ-નિંદ્રામાં...*

*ગર્ભિત અગ્નિ,*
*અફવાના ધૂમાડે -*
*મૂંઝાય જીવ !*

### ચિંતન

*સ્વરસવાહી વિદુષોઽપિ તથારૂઢે ભિનિવેશઃ ।*

ઉપરોક્ત શ્લોક યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે મરવાનો ભય દરેક પ્રાણીમાં પરંપરાગત સ્વભાવથી વહી રહ્યો છે અને વિદ્વાનોમાં પણ જોવા મળે છે, તે અભિનિવેશ કલેશ છે. બધા કલેશોનું મૂળ અવિદ્યા જ છે. તે દૂર ન થાય ત્યાં સુધી સુખ કે આનંદ મળે નહીં.

'સુખ ઈંદ્રિયોનું હોય,' 'આનંદ' આત્માનો હોય.

મૃત્યુ નિશ્ચિંતપણે આવવાનું જ છે આમ છતાં જ્ઞાની એને સ્વીકારી તેનાથી ભય પામતો નથી પણ ભોગ-શરીર દ્વારા મોહિત અજ્ઞાની ને મૃત્યુનો ભય લાગે છે.

ઈન્દ્રિય સુખ એ ભોગ છે.

આત્માનો આનંદ જ સાચું સુખ છે.

### સુવિચાર

- જો તમે પોતાને વધારે પડતા ગંભીરતાથી લેશો, તો બીજા કઈ તમને ગંભીરતાથી નહીં લે - **એસ. ભટ્ટાચાર્ય**
- સર્જકતા તો બધામાં ઓછે વત્તે અંશે હોય જ છે, પણ એ સર્જકતા ને સાચે રસ્તે વાળવાની શક્તિ બહુ ઓછા માણસો પાસે હોય છે - **અઝીમ પ્રેમજી**
- જીવનમાં બે પસંદગી છે : સ્થિતિનો સ્વીકાર અથવા તેને બદલવાની જવાબદારી લેવી - **ગુણવંત શાહ**
- પરિવર્તનની પ્રથમ શરત છે 'પોતાના માપદંડો ઊંચા રાખવા' - **મુંબઈ સમાચાર**
- પ્રભાવશાળી માન્યતાઓ પર શ્રદ્ધા રાખી પૂર્ણ ચોકસાઈથી વિકાસ કરશો તો અશક્ય લાગતા કામો સરળતાથી કરી શકશો- **ફૂલછાબ**
- ઈચ્છા કરવી એટલે 'કશુંક પ્રાપ્ત કરવું' પણ ઝંખના કરવી એટલે કશુંક 'સિદ્ધ કરવું' - **સ્ટીવ જોબ્સ**
- આજનું ઔષધ : ગોળ સાથે હરડે ખાવાથી હરસમાં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જો આપણી પ્રાર્થનામાં સચ્ચાઈ હશે તો ઈશ્વર સુધી એ જરૂર પહોંચશે અને આપણી બધી જ પ્રાર્થનાઓનું ફળ આપણને વહેલું કે મોડું મળશે જ. ઈશ્વર પોતાના ભક્તના મનની વાત પણ સાંભળે છે પરંતુ કયારેક તેની અભિવ્યક્તિ એવી હોઈ શકે કે ભક્ત તેને ન પણ સમજીશકે.

પુરાણમાં એવી કથા છે. ભગવાન વિષ્ણુએ બલિના યજ્ઞને ભંગ કરવા માટે યજ્ઞશાળા પહોંચ્યાં ત્યાં બલિની દીકરી પણ હતી. બલિની દીકરીએ જયારે ભગવાનના વામનરૂપને જોયું તો તેનામાં સ્નેહનું ઝરણું વહેવા લાગ્યું. તે વિચારવા લાગી કે હાથ આ મારો પુત્ર હોત તો તેને હું મારું દૂધ પીવડાવત. ભગવાને તેની ઈચ્છા જાણીને મનોમન તથાસ્થુ કહી દીધું. ભગવાને જયારે વિરાટ સ્વરુપ કરી બલિનો યજ્ઞ ભંગ કરી નાખ્યો ત્યારે બલિની દીકરીને ખૂબ ક્રોધ આવ્યો અને તે મનમાં બોલી કે જો આ મારો દીકરો હોત તો હું તેને દૂધમાં ઝેર ભેળવીને પીવડાવી દેત. ભગવાને તેની આ મનોકામના પર તથાસ્તુ કહી દીધું.

બલિની દીકરીનો તેનો પછીનો જન્મ પુતના રાક્ષસીના રૂપમાં લીધો. બાલ શ્રીકૃષ્ણે જયારે યશોદા પાસે હતા ત્યારે કંસે બાળકૃષ્ણને મારવા માટે પુતના રાક્ષસીને મોકલી હતી. પુતના યશોદા માતાને ત્યાં સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરીને આવી. પુતનાએ યશોદા સમક્ષ બાળશ્રીકૃષ્ણને દૂધપાન કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી. યશોદાએ તેની વાત માન્ય રાખી. પણ બાળકૃષ્ણ તો બળુકા હતા તેમણે દૂધની સાથે પુતનાના પ્રાણ પણ ખેંચી લીધા. આ રીતે પુતનાની બંને ઈચ્છાઓ પૂરી કરી દીધી.

# સામાજિક સૌહાર્દ સહિયારી જવાબદારી

**તંત્રીસ્થાનેથી...**

અમદાવાદ જિલ્લાના વિઠ્ઠલાપુર ગામના દલિત યુવક સાથે ગામના જ કેટલાક ક્ષત્રિય યુવાનોએ કરેલ અભદ્ર વ્યવહારથી વધુ એક વાર ગુજરાતની પ્રતિષ્ઠા ખરડાઈ છે. એ દલિત યુવાને ક્ષત્રિય પહેરતા હોય છે એવાં વસ્ત્રો અને એવા જોડા પહેર્યા હતા. આ જાણે એનો અક્ષમ્ય ગુનો હોય એમ કેટલાક રોષે ભરાયેલા ક્ષત્રિય યુવાનોએ એને ઢોર માર માર્યો એટલું જ નહીં, એ આખા પ્રસંગનો વિડિયો ઉતારવામાં આવ્યો અને વાયરસ કરવામાં આવ્યો. તંત્રને આ વાતની જાણત થતાં જ એ સફાળું જાગી ઊઠ્યું અને તાત્કાલિક પગલાં લેવાનો પ્રયાસ પણ થયો. પીડિત યુવાનને માતબાર વળતર ચુકવાયું તથા ગુનેગારોને પકડવા માટે પણ પોલીસની ટુકડીઓ કામે લાગી ગઈ. સરકાર સામે બુમરાણ મચાવી આ મુદ્દે જાતિવાદી રાજકારણ કરવાનો કોઈ અર્થ નથી. સરકારે તો સરકાર તરીકેની ફરજ બજાવી જ દીધી, પ્રશ્ન છે સમાજના વિવિધ વર્ગો અને સમુદાયો વચ્ચેની જૂગજૂની ઉચ્ચાવચતાનું સમાધાન શોધવાનો. દલિત સમાજને વર્ષોથી ઉપેક્ષિત સ્થિતિમાં જ જીવવું પડ્યું છે. આઝાદી પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મેધાવી મહાપુરુષે દલિતોને સન્માનપૂર્વક સમાજના મુખ્ય પ્રવાહ સાથે રહેવાનો અધિકાર પ્રાપ્ત થાય તે માટેની ઝુંબેશ ઉપાડી હતી. મહાત્મા ગાંધીએ આઝાદીની ચળવળની સમાંતરે અસ્પૃશ્યતા નિવારણનો રાષ્ટ્રીય કાર્યક્રમ આપતી રચનાત્મક પ્રવૃત્તિ ચલાવી હતી. આ તમાની સંયુક્ત અસર તે આપણા બંધારણમાં સમાવિષ્ટ સમાનતાનો હક. ધર્મ, જાતિ, જ્ઞાતિ કે વ્યવહારના ભેદભાવ વગર તમામ નાગરિકોને સમાન અધિકારો આપતું ભારતનું રાજબંધારણ અમલમાં આવ્યા પછી પણ પેલી પરંપરાગત વર્ણાશ્રમ પરંપરાવાળી વ્યવસ્થા સમાજમાં ઓછાવધતા અંશે જળવાઈ રહી છે. કાયદા કરવાથી આ અંતર ઘટવું જોઈએ પરંતુ એ ખાઈ એટ્રોસિટી જેવા કાયદા અને અનામતોની જોગવાઈથી મોટી અને પહોળી થઈ છે. વિઠ્ઠલાપુરની ઘટનામાં એક નિર્દોષ યુવકને માત્ર ઉચ્ચ ગણાતા વર્ણનો પહેરવેશ કે પગરખાં જેવા મુદ્દે પજવવામાં આવ્યો છે. વળી પેઢીઓથી આવી જોહુકમી સહન કરવા ટેવાયેલો દલિત સમાજ આ મુદ્દે ગામના ઉજળિયાતો સાથે અંટસમાં પડવા પણ તૈયાર નથી. એને તો બધાની સાથે સમાધાનપૂર્વક જીવવું છે. એથી પોતાનું સ્વમાન જોખમાતું હોવા છતાં એ ઝઘડો આગળ વધારવા નથી ઈચ્છતો. સરકાર કરી કરીને કેટલી મદદ કરશે ? દરિતોના હામી ગણાતા રાજકારણીઓ તો વખત પૂરતો ઉશ્કેરણીજનક નિવેદનો કરી ચાલ્યા જશે. આખરે દલિત સમાજને ગામના અન્ય લોકોની સાથે જ જીવવાનું છે. એવું પણ બને કે જો દલિત ઉગ્ર આંદોલન કરવા જાય તો બાકીનો સમાજ એમના સામાજિક બહિષ્કાર કરે. એવા સંજોગોમાં એ દુખિયારા લોક માટે જીવવું દોહ્યલું બની જાય. સમસ્યાનો ઉકેલ સામાજિક સૌમનસ્યના રસ્તે જ નીકળી શકે. એ માટે રાજકારણીઓ, ધર્માધ્યક્ષો અને વિચારકો ઉપરાંત ગ્રામીણ પ્રજાના લોકનેતાઓએ સમૂહ ચિંતન કરવું પડશે. ડૉ. બાબા સાહેબ આંબેડકર આખી જિંદગી સવર્ણ હિંદુ સમાજ વિરુદ્ધ ઝઝૂમતા રહ્યા હતા અને છેવટે હથિયાર હેઠાં મૂકી દઈ પોતે કેટલાક ચુનંદા સાથીઓ સાથે બૌદ્ધ ધર્મની દીક્ષા લઈ હિંદુ ધર્મ સામે એક કાયમી પડકાર અને પ્રશ્નાર્થ મૂકતા ગયા હતા. શું એ પડકાર અને પ્રશ્નાર્થનો જવાબ શોધવાની પ્રજાકીય જવાબદારીમાં આપણે ઊણા નથી ઊતર્યા ? સરકારે અને સમાજે આ મુદ્દે સહચિંતન કરવાનો સમય પાકી ગયો છે.

# સંયુકત મિલ્કતમાં વિભાજન માંગવાનો સ્ત્રી સભ્યને અધિકાર છે



**કાયદો અને કાનૂન**

**અશ્વિન ત્રિવેદી**

હિન્દુ વારસા અધિનિયમની કલમ ૬ મુજબ જે સંયુકત કુટુંબની મીલ્કતમાં રહેલ પોતાના અવિભક્ત હિસ્સાને વસીયત કર્યા સીવાય અવસાન પામેલ હોય કલમ-૬ નો શરૂઆતનો હિસ્સો એ બાબત ઉપર ભાર મુકે છે કે, અધિનિયમ તે વ્યક્તિઓના વિશેષ અધિકારોમાં દખલરૂપ કરતો નથી કે જે મીતાક્ષરી કુટુંબના સભ્યો છે પરંતુ તે જયાં સુધી તેવા સેમાશ્રીતના અવસાનની ક્ષણે અવસાનના તુરંત એક કાલ્પનિક વિભાજન વિચારધારા દાખલ કરીને એક હિસ્સો સુરક્ષીત રાખવાનો પ્રયત્ન કરે છે.

જયારે મૃતક પોતાની પાછળ એક હયાત દિકરી અથવા સ્ત્રી વારસ છોડી ગયા હોય ત્યારે આ નિયમ લાગુ પડે છે. સામાન્ય રીતે લોકોની એવી ધારણા છે કે, પુરૂષ મીલ્કત છોડીને ગયો હોય તો કુટુંબની સ્ત્રી સભ્ય કે દિકરીને તેની વારસાગત મીલ્કતમાં ભાગ મળી શકે નહિ કે માંગણી કરવાનો અધિકાર નથી.

હિન્દુ વારસા ધારાના અધિનિયમની કલમ-૨૬ ની જોગવાઈ મુજબ તેમના સબંધીત હિસ્સાનું વિભાજન કરવાનું પસંદ ના કરે ત્યાં સુધી અને કુટુંબની પરણિત દિકરી હોવાથી તેણે પોતાનો હિસ્સો માંગવાનો અધિકાર નથી પરંતુ હિન્દુ વારસા ધારામાં સુધારા બાદ રહેણાંકના મકાનવાળી મીલ્કત કુટુંબની દિકરી પોતાના હિસ્સાના વિભાજન માટે માંગવા હક્કદાર ગણાય.

હિન્દુ વારસાધારા અધિનિયમની કલમ-૬ અમલમાં આવ્યા બાદ અવસાન પામનાર મીતાક્ષરી સેમાશ્રીતના મીલ્કતના સમાંશીતનો પ્રશ્ન સાથે કામ લે છે કે જે સંયુકત કુટુંબની મીલ્કતમાં રહેલ પોતાના અવિભકત હિસ્સાનો વસીયતી નિકાલ કર્યા સીવાય અવસાન પામ્યા હોય કલમ-૬ નો શરૂઆતનો હિસ્સો એ બાબત ઉપર ભાર મુકે છે કે અધિનિયમનો વ્યક્તિઓના વિશેષ અધિકારોમાં દખલગીરી કરતો નથી કે જેઓ મીતાક્ષરી મીલ્કતના સભ્યો છે પરંતુ તે જયાં સુધી તેવા સમાસીતોના અવસાનની ક્ષણે અવસાનના તુરંત પહેલા એક કાલ્પનિક વિભાજીત વિચારધારા દાખલ કરીને અનુસૂચિત વર્ગ-૧ માં નિર્દિષ્ટ થયા મુજબના સ્ત્રી વારસો માટે તેના હિતમાં એક કિસ્સો સુરક્ષીત રાખવાનો પ્રયત્ન કરે છે તે કદ સીવાય કલમ-૬ ના પ્રબંધક ત્યારે અમલી બને છે કે જો મૃતક પોતાની પાછળ એક હયાત દિકરી અથવા સીધી લીટીના વારસદાર સ્ત્રી છોડી ગયા હોય.

એક વસીયતનો અન્ય કોઈ દસ્તાવેજની જેમ જ વારસા અધિનિયમ અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ સાબીત કરવી જરૂરી છે. વસીયત સાબીત કરવાનો બોજો વસીયત રજુ કરનાર વ્યક્તિ ઉપર રહે છે. વસીયત કરનાર વ્યક્તિની વસીયત કરવાની ક્ષમતા પણ ફરજીયાતપણે સાબીત થવી જોઈએ. વસીયત કરતા દ્વારા વસીયત કરાયાની હક્કિત સાબીત કરવી જ જોઈશે ઓછામાં ઓછા એક સાક્ષી દ્વારા વસીયત કરાયાની હક્કિત સાબીત કરવી જ જોઈશે. વસીયત કરાવાનું સાબીત કરવાના હેતુ માટે સાક્ષી તપાસવો જરૂરી છે. એવું દર્શાવવું જરૂરી છે કે વસીયત કરતાએ પોતાની સમંતીથી વસીયતમાં સહિ કરેલ છે ત્યારે સ્વસ્થ્ય મનોદશામાં હતા અને મીલ્કતના વ્યવસ્થાના પ્રકાર અને વ્યવસ્થાને પોતે સમજી અને વસીયતમાં સહિ કરી છે જે સાક્ષી દ્વારા સાબીત કરી શકાય છે એમ પણ સાબીત કરવું જરૂરી છે કે બે સાક્ષીની હાજરીમાં વસીયત કરતાએ સહિ સમંતીથી કરેલ છે જયારે શંકાસ્પદ સંજોગો અસ્તીત્વમાં હોય ત્યારે નવી વસીયત સાચી વસીયત તરીકે સ્વીકારવામાં આવે તે પહેલા કોર્ટને સંતોષ થાય તે હદ સુધી તેવા સંજોગોમાં અને ખુલાસો કરવાનો બોજો વસીયત રજુ કરનાર વ્યક્તિના ઉપર રહે છે.

વસીયત કરાયાની હક્કિત ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૮ મુજબ સાબીત થવી જરૂરી છે. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે હિન્દુ વારસા અધિનિયમ કલમ-૨૩ માં આવનાર રહેણાકના મકાનવાળી આખેઆખા કબજાની ધારણ થયેલ મીલ્કત એવી અભિવ્યક્તિ મહત્વ ધરાવે છે જયારે પુરાવામાં એમ લાવવામાં આવે છે કે મકાનવાળી મીલ્કત કુટુંબના સભ્યો દ્વારા આખેઆખી કરજાથી ધારણ કરાયેલ નથી ત્યારે નામદાર કોર્ટે માનેલ કે મકાનવાળી મીલ્કત વિભાજન માટે પણ ઉપલબ્ધ છે અને મૃતક ૧/૩ કિસ્સા માટે હક્કદાર છે. કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ તારણો હક્કિતો અને પુરાવા ઉપર આધારીત છે તેને ખોટા સાબીત કરી શકાય તેમ નથી અને તારણોમાં દખલગીરી કરવાનું ઉચિત જણાતું નથી.

કલમ-૬ હિન્દુ વરસા અધિનિયમ

**અનુસંધાન પાના નં ૭ પર**

# સંબંધો બંધાય છે સ્નેહથી, વિકસે છે વ્હાલથી, પણ સચવાય છે માત્ર 'સમજણથી'



**WhatsApp ઓફ ધી વીક**

**નેહલ ગઢવી**

**સંબંધ એટલે...**
**તમે ભૂલો છો તે નહિ,**
**પણ માફ કરો છો તે છે.**
**સાંભળો છો તે નહિ,**
**પણ સમજો છો તે છે.**
**જુઓ છો તે નહિ,**
**પણ અનુભવો છો તે છે**
**જતું કરો છો તે નહિ,**
**પણ જાળવી રાખો છો તે છે...!!**

આપણું માનવજીવન એ કેટકેટલા સંબંધોના અવનવા તાંતણે ગૂંથાયેલું છે. આવા મધ-મીઠા અને ખટ્ટ-મીઠ્ઠા સંબંધો જીવનને સતત ધબકતું રાખે છે. પણ ઉંમરના કોઈ પડાવે અને સમયના કંઈક એવા સંજોગે કોઈ અણધારી તકલીફ આવી પડે ત્યારે જાણે આ સંબંધો અચાનક કડડભૂસ થઈને પત્તાના મહેલની જેમ તૂટી પડે એવું પણ બનતું હોય છે ! જયવંત દળવીની મરાઠી વાર્તાને આધારે 'હરિશ્ચંદ્ર'એ લખેલી આ વાર્તામાં પણ આવી જ કંઈક વાત વર્ણવાયેલી છે :

ગોખલામાં પડેલ ગણેશની મૂર્તિને કેશુબાપા એકીટશે જોઈ રહ્યા. મૂર્તિના હાથ-પગ-નાક હવાપાણીના મારથી ખવાઈ ગયાં હતા. આ મૂર્તિને આ તો તેઓ કેટલાંય વરસથી જોતા આવ્યા છે, પણ આ રીતે પહેલી જ વાર જોઈ.

નોકર રામલો ડોશીને લઈ આવ્યો. ચાર વરસ પહેલાં આ ઘરની બધી ચીજવસ્તુને પોતાના હાથથી સ્પર્શી લઈને એ કુષ્ઠધામમાં ગયેલી - પોતે પાછી નહીં ફરે એ ખ્યાલથી. પણ આજે ઘેર પાછી આવી શકી તેથી તેની ખુશીનો પાર નહોતો.

''આવ બેટા, બંકા.'' કહી ડોશીએ હાથ લંબાવ્યો. પણ બંકો હાલ્યો નહીં અને પોતાની મા સામે જોતો રહ્યો. 'એ તો ભૂલી ગયો છે ને તેથી,' કહેતા વહુએ બંકાને પાછો ખેંચ્યો.

ડોશીએ હસતાં હસતાં ભાણીને કહ્યું, 'બેટા, ગાલે મને ચૂમી દે.'

'મૂઈ કોઈની પાસે જતી જ નથી ને !' ફોઈને ભાણીને જોરથી પકડી રાખતાં કહ્યું.

'હવે તું હાથપગ ધોઈ આરામ કર.' કેશુબાપા બોલ્યા.

'મારે વળી આરામ કેવો ? લાવ, મારી ગાયને જોઈ આવું.' અને ડોશી ગમાણ ભણી ચાલ્યાં. કેશુબાપા પણ પાછળ પાછળ ગયા. ગમાણમાં ડોસાને આંખ ભરી - ભરીને જોઈ ડોશી બોલ્યાં, 'તમારી તબિયત ઘણી ઊતરી ગઈ છે.'

'એ તો ચિંતાને કારણે.'

'શાની ચિંતા ?' કહી ડોશી જરીક નજીક સરક્યાં. પણ કેશુબાપા લાગતા જ એક ડગલું પાછળ હઠી ગયા, અને ગાયને ચારો નીરવા લાગી ગયા. ડોશી મનોમન હસી : 'આ તો એવા ને એવા જ શરમાળ રહ્યા !'

ડોશી રસોડામાં ગયા. 'લાવ, લોટ મસળું.'

'ના, એમણે તમને કશું જ કામ કરવાની ના પાડી છે.'

ડોશી હસ્યાં, 'અરે, કુષ્ઠધામમાં હું ઘડીક પણ પગ વાળીને બેસતી નહોતી.'

'પણ તમારે શું કામ કરવું પડે ? તમે આરામ કરો.'

સાંજે ડોશી ગાય દોહવા બેઠાં, ત્યાં દીકરો તડૂક્યો, 'દાકતરે કહ્યું છે કે તમારે આરામથી જરૂર છે.'

'અરે, કુષ્ઠધામમાં ૧૫-૨૦ જણની રસોઈ હું જ બનાવતી !'

'ના, અહીં નહીં,' કહી દીકરાએ દોણી આંચકી લીધી. ડોશીને એના અવાજમાં થોડી સખ્તાઈ પણ લાગી. એને ગમ્યું નહીં. એણે મનોમન નક્કી કર્યું કે આજ તો ઠીક, કાલથી એ કોઈનું નહીં સાંભળે; ઘર પોતાનું છે.

અને સવારે ઊઠી એટલે રોટલા ઘડી નાખ્યા અને ઝાડુ લઈ સફાઈમાં લાગી ગયાં. બધાં જમી રહ્યા બાદ સાસુવહુ જમવા બેઠાં. વહુએ ભૂખ નથી, એમ કહી માત્ર દાળભાત લીધા. રોટલાની થાળી સાસુ ભણી ઠેલી.

'બધાંને રોટલા કેવા લાગ્યા ?'

'બાપ-દીકરો કહેતા હતા કે સરસ હતા.'

ડોશીનો ચહેરો ખીલું ખીલું થઈ ઊઠ્યો.'કામ કરવાની મૂઈ આદત પડી ગઈ. બેસી શી રીતે રહેવાય ? વહુ, જરા દાળની તપેલી લાવ તો.'

'થોભો, હું પીરસું છું.' કહી વહુ ચૂપકીદીથી સાસુના હાથમાં આંગળાં જોઈ રહી હતી. નખ ને ટેરવાં બધાં ખવાઈ ચૂક્યાં હતા.

સાંજે ડોશી દોણી શોધવા લાગ્યાં, પણ કયાંક જડી નહીં, છેલ્લે ઊંચી અભરાઈએ દેખાઈ. લોટનો ડબ્બો પણ માંજીને મુકાયો હતો. ગમાણમાં જોયું તો ગાયની પાસે પોતાના ઘડેલા આઠ-દસ રોટલા પડ્યા હતા. ડોશી હેબતાઈ જ ગયાં. રાતે એને ગળે કોળિયો ન ઊતર્યો. પાણી પીને ઊભાં થઈ ગયાં. સૂવાના ઓરડામાં ગયાં, તો બે પથારી બે હાથના અંતરે પાથરેલી હતી. ડોશીને ઝાળ લાગી ગઈ. એણે ડોશીની પથારી પોતાની અડોઅડ ખેંચી લીધી અને એ પથારીમાં હાથ લાંબો કરીને સૂઈ ગયાં.

રાતે મોડેથી કેશુબાપા કથામાંથી આવ્યા. હળવેકથી એમણે પોતાની પથારી ડોશીથી દૂર સરકારી લીધી. ડોશીનો હાથ જમીન પર પડ્યો. પણ એને કેમ અડાય ? એને એમનેમ નીચે પડ્યો રહેવા દઈ ડોસા ઊંઘી ગયા.

મધરાતે ડોશી જાગ્યાં હશે. અડધી ઊંઘમાં જ પોતાનો હાથ બાજુમાં પસવાર્યો; પણ ડોસાના ડિલને બદલે એ જમીન સાથે જ ઘસાયો. ડોશી સફાળાં બેઠાં થઈ ગયાં. બે હાથ દૂર પથારીમાં ડોસા નસકોરાં બોલાવતા હતા. જાણે ડોશીનું આખું એક અંગ જ અપંગ થઈ ગયું.

સવારે ડોશીની પથારી ખાલી હતી. ગમાણ, રસોડું, પરસાળ, બધે જ જોઈ વળ્યા, પણ ડોશી કયાંક ન દેખાણાં. ગણેશજી પાસે દીવો બળતો હતો.

બહારથી કો'ક આવ્યું તે કહેતું હતું કે ડોશીને કુષ્ઠધામની બસમાં ચઢતાં જોયેલાં.

આપણા જીવનમાં આપણી આસપાસ સંકળાયેલા સંબંધમાં આવી કોઈ અણધારી ઘટના બને ત્યારે સમજણપૂર્વક સંવેદનાથી તેણે નિહાળીએ અને થોડી સકારાકાત્મક રીતે હૂંફપૂર્વક વર્તીએ તો નષ્ટ થઈ જવાની અણીએ બેઠેલું આ સંબંધોનું વૃક્ષ ઠુંઠવામાંથી ફરી એકવાર હરિયાળું, નયનરમ્ય વૃક્ષ બની શકશે !

**Last Seen :**

**સમસ્યા વિશે વિચારીએ તો બહાના મળશે...**
**પરંતુ**
**સમાધાન વિશે વિચારીશું તો નવા માર્ગ મળશે**
**સંબંધો બંધાય છે સ્નેહથી,**
**વિકસે છે વ્હાલથી,**
**પણ**
**સચવાય છે માત્ર 'સમજણથી.'**

*- nehalgadhavi101@gmail.com*

# આઝાદીથી આજ લગી : નક્સલવાદ-માઓવાદનાં વિષફળ



**અતિતની આજ**

**ડૉ. હરિ દેસાઈ**

ભારતને આઝાદી મળી એના પ્રારંભિક તબક્કામાં તેલંગણ પ્રદેશમાં કૉમ્યુનિસ્ટો હિંસક અથડામણો પેદા કરી રહ્યા હતા ત્યારે અનિચ્છાએ પણ કેન્દ્રીય ગૃહપ્રધાન સરદાર પટેલે નિવારક અટકાયત (પ્રિવેન્ટિવ ડિટેન્શન) ધારો લાવવો પડ્યો હતો. હજુ આજે પણ એ અમલમાં છે.કદાચ નક્સલવાદ અને માઓવાદના હિંસાચારને નાથવા માટે એ જરૂરી ભલે હોય,પણ એનો ઉપયોગ દેશના નાગરિકોના માનવ અધિકારોને રૂંધાવા માટે પણ ભૂતકાળમાં થયો હતો અને હજુ પણ થઈ રહ્યાનું અનુભવાય છે. હમણાં મહારાષ્ટ્રના પુણેના પોલીસતંત્રની તપાસમાંથી એવું તારણ નીકળ્યાનો દાવો થયો કે મહાર સૈનિકોએ અંગ્રેજોના લશ્કરમાં સામેલ થઈને પેશવાના લશ્કરને પરાજિત કર્યાનાં બસ્સો વર્ષની ઊજવણીના સમારંભ નિમિત્તે પુણેના શનિવારવાડામાં યોજાયેલી એલ્ગાર પરિષદ(બંડ પોકારનારી પરિષદ)ની આયોજક મંડળીના આંબેડકરવાદી એવા પાંચ જણા નક્સલવાદી-માઓવાદી હતા. ભીમા-કોરેગાંવ વિજયસ્તંભ સમક્ષ દર્શન પછી હિંસક અથડામણ સર્જવા સાથે જ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હત્યાનું કાવતરું સંબંધિત આયોજકોએ ઘડ્યાની આશંકા છે. પુણે પોલીસે પત્રકાર પરિષદ યોજીને આવા કથિત કાવતરાની વાત મીડિયાને પહોંચાડી. એકબાજુ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.પ્રણવ મુખરજી ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના મુખ્યાલય નાગપુર ખાતે મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવાના હતા ત્યારે જ પુણેના આંબેડકરવાદીઓમાંના કથિત નક્સલવાદીઓ 'શહેરી નક્સલવાદ' (અર્બન નક્સલવાદ) ફેલાવવા કૃતસંકલ્પ હોવાનું કથિત પ્રકરણ બહાર આવ્યું. સ્વાભાવિક હતું કે દેશ અને દુનિયામાં ભારતીય વડા પ્રધાન મોદી અને એમના જ પક્ષના મુખ્યપ્રધાન ફડણવીસની હત્યાના કથિત કાવતરાની વાત ચર્ચાનો મુદ્દો બને. સૌનું કુતૂહલ એ છે કે આ બાબતમાં સચ્ચાઈ છે કે માત્ર ચૂંટણી પૂર્વેનું રાજકીય સ્ટંટ, એની ખરાનકરી કરવાની હોવાથી મિશ્ર પ્રત્યાઘાતો મળ્યા.

**ડૉ. આંબેડકરના પૌત્ર પર નાહક આશંકા**

દેશનેતા અને બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકરને અનુસરનારાઓને આંબેડકરવાદી ગણવામાં આવે છે. એમાંના મોટાભાગના દલિત-શોષિત-પછાત વર્ગના હોય છે. ડૉ. આંબેડકરનો પરિવાર અને એમના સગાસંબંધી બ્રિટિશકાળમાં લશ્કરમાં કાર્યરત હતા. વર્ષ ૧૯૨૭માં સ્વયં ડૉ. બાબાસાહેબે ભીમા-કોરેગાંવ વિજયસ્તંભની મુલાકાત લીધી ત્યારથી લગભગ દર વર્ષે આ વિજયસ્તંભની મુલાકાત ૧ જાન્યુઆરીએ લેવાની પરંપરા પડી છે. ગત ૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ અહીં હજારો માણસો ઉમટ્યા હતા અને

- ફરીને મોદી વડા પ્રધાન બને નહીં એટલા માટે એમનો કાંટો કાઢવાનું કાવતરું રચાયાની પોલીસને આશંકા
- સંઘ-ભાજપ વિરુદ્ધ લડત ચલાવતા પ્રકાશ આંબેડકરને ક્લીનચીટ આપતાં પોલીસની હાસ્યાસ્પદ સ્પષ્ટતા
- શરદ પવારે ઘટનાને લોકસભાની ચૂંટણીમાં સહાનુભૂતિ મેળવવાનું રાજકીય સ્ટંટ ગણાવતાં વિવાદ ભડક્યો
- મહાનુભાવોની હત્યાનાં કાવતરાંમાં સંડોવાયેલા લોકોને મીડિયામાં જઈ સચેત કરવાની તક પોલીસતંત્ર ટાળે

પૂણેના શનિવારવાડામાં યોજાયેલી એલ્ગાર પરિષદ શાંતિથી પત્યા પછી વિજય સ્તંભની મુલાકાત લઈને વિખરાતી જનમેદની પર હુમલા થયા અને હિંસા ભડકી ઊઠી હતી. આ ઘટનાક્રમની તપાસના આગ્રહ સાથે ડૉ. બાબાસાહેબના પૌત્ર અને જાણીતા ધારાશાસ્ત્રી પ્રકાશ આંબેડકરે સંઘ પરિવાર સાથે સંકળાયેલા મનોહર ભીડે ગુરુજી અને મિલિંદ એકબોટેને હિંસા ફેલાવનારી ઉશ્કેરણી માટે જવાબદાર ઠરાવીને આંદોલન-બંધ ચાલુ રાખ્યાં હતાં. નવાઈ એ વાતની છે કે એલ્ગાર પરિષદના આયોજક એવા આંબેડકરવાદીઓને નક્સલવાદી ગણાવીને ધરપકડ કરવાની સાથે જ ભૂતપૂર્વ સાંસદ પ્રકાશ આંબેડકરના પણ નક્સલવાદીઓ સાથે સંબંધની આશંકાની પોલીસ તપાસ થઈ રહી હતી. હકીકતમાં એલ્ગાર પરિષદનું આયોજન સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ પી.બી.સાવંત અને મુંબઈ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ કોલસે પાટીલ હતા.

પ્રકાશ આંબેડકર છેલ્લાં ચાર વર્ષથી સંઘ-ભાજપ વિરુદ્ધ આંદોલન ચલાવી રહ્યા હોવાથી એમને કોઈ ખટલામાં સંડોવવાનું કાવતરું ઘડાયાની આશંકા હતી.બન્યું પણ એવું જ. પહેલાં આ ભૂતપૂર્વ સાંસદ આંબેડકરનો નામોલ્લેખ પેલા જપ્ત પત્રમાં હોવાનું કહેનાર પોલીસે પાછળથી ફેરવી તોળ્યું કે એ પ્રકાશ તો કોઈ ગુવાહાટીનો છે.દરમિયાન મહારાષ્ટ્રમાં આંબેડકરના નેતૃત્વવાળા ભારતીય રિપબ્લિકન પાર્ટી-બહુજન મહાસંઘના કાર્યકર્તાઓ ખૂબ અકળાયા હતા. આંબેડકરે બુધવાર, ૧૩ જૂને પત્રકાર પરિષદ યોજીને પોલીસ અને ભાજપ-સંઘ થકી દેશમાં આંતરિક કટોકટી પેદા કરીને ચૂંટણી ટાળવાની યોજના હોવાનો આક્ષેપ કર્યો હતો.

**શરદ પવારે સહાનુભૂતિ માટે સ્ટંટ ગણાવ્યું**

ભારતના સંરક્ષણ પ્રધાન અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન રહેલા શરદ પવાર અત્યારે રાષ્ટ્રવાદી કોંગ્રેસના અધ્યક્ષ છે. આંબેડકરવાદીઓ નક્સલવાદી જોડાણની ધરી યોજીને વડા પ્રધાન મોદીની હત્યાનું રાજીવ ગાંધીની જેમ જ હત્યા કરવાનું કાવતરું ઘડી રહ્યાની વાતને પવારે 'ભાજપ માટે સહાનુભૂતિ મેળવવા રચવામાં આવેલી ચાલ' ગણાવી છે. પવારના આ નિવેદને રાજકીય નેતાઓ વચ્ચે ટ્વિટર યુદ્ધ છેડી દીધું છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ફડણવીસે પવારના નિવેદનને 'કમનસીબ' ગણાવ્યું અને મરાઠા મહારથીને સુણાવ્યું છે કે વડા પ્રધાન કોઈ પક્ષના નહીં પણ દેશના હોય છે. પવાર સાહેબ આટલી નીચલી કક્ષાએ જશે એની કલ્પના નહોતી, એવું પણ તેમણે ઉમેર્યું હતું. પવારના ભત્રીજા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન રહેલા અજિત પવારે ફડણવીસને વળતો ફટકો મારીને કહ્યું છે કે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે. મહારાષ્ટ્ર અસલામત બની ગયું છે. ત્યારે મુખ્યપ્રધાન ફડણવીસ મુખ્ય સમસ્યાઓથી પ્રજાનું ધ્યાન અન્યત્ર હટાવવા માટે આવાં ગતકડાં ચલાવી રહ્યા છે.

**મોદીની હત્યાનાં કાવતરાં : ૨૦૦૯થી અત્યાર લગી**

સોશિયલ મીડિયામાં વડા પ્રધાન મોદીની હત્યાના નક્સલવાદીઓ થકી ઘડી કાઢવામાં આવેલા મનાતા તાજા કાવતરાની વાતને બનાવટી ગણાવતા સંદેશા વાયરલ થઈ રહ્યા છે. 'આવા બનાવટી હત્યાના પ્રયાસોની કહાણીઓ હવે તો કંટાળો ઉપજાવે છે. ટીમ મોદીએ હવે કોઈ નવા નુસખા શોધવાની જરૂર છે.' ઓક્ટોબર ૨૦૦૯માં મોદીની હત્યા સંબંધી ફોન કરવા બદલ બે જણાની અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે ધરપકડ કરી હતી, ડિસેમ્બરે ૨૦૧૦માં કેરળમાંના એલઈટી નામક ત્રાસવાદી સંગઠને મોદીની હત્યા કરવાની યોજના બનાવ્યાની વાત વહેતી થઈ હતી, એપ્રિલ ૨૦૧૩માં પત્રકાર મધુ કિશ્વરે નરેન્દ્ર મોદી પર જીવલેણ હુમલો થવાનો હોવાની વાત કેન્દ્ર સરકારના કોઈ અધિકારીને ટાંકતાં કહી હતી, એ પછી ઓક્ટોબર ૨૦૧૩, નવેમ્બર ૨૦૧૩, જાન્યુઆરી ૨૦૧૪, એપ્રિલ ૨૦૧૪ અને મે ૨૦૧૮માં પણ મોદીની હત્યાનાં કથિત

**અનુસંધાન પાના નં ૭ પર**